dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
February 2015 For private circulation only Vol. 07 - Issue 148

# દીપે અરુણું પરભાત

શિક્ષણ-સાહિત્ય-સંસ્કાર જેમના હૃદયમાં સ્થપાયેલાં છે તેવા આદરણીય રાજ્યપાલ અને આપણી યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી ઓમપ્રકાશ કોહલીજી, જેમણે પોતાના જીવનનો મહત્વનો કાલખંડ આપણી યુનિવર્સિટીમાં જ્ઞાન ઉપાસના કરી અને કરાવી છે તેવા આજે આપણને સારગર્ભિત ઉપદેશ અને આશીર્વાદ આપવા આવેલા પદ્મશ્રી ગુણવંતભાઈ શાહ, સેનેટ અને સિન્ડિકેટના સાથી મિત્રો, વિવિધ ફેકલ્ટીઓના ડીનશ્રીઓ, આચાર્યશ્રીઓ, અધ્યાપકમિત્રો, જ્ઞાનપિપાસુ યુવાન વિદ્યાર્થી મિત્રો!

જ્ઞાનયજ્ઞ દ્વારા પવિત્ર થયેલા યુવાન વિદ્યાર્થી દોસ્તો.

તમારા સૌના જીવનમાં આ અગાઉ જે નોખા અને મહત્વના અવસરો આવ્યા હશે ને હવે પછી આવશે તે સૌ અવસરોમાં આજનો આ અવસર અત્યંત મહત્વનો અને ચિરસ્મરણીય બની રહશે.

જે યુવાન વિદ્યાર્થીઓ આજે પદવી પ્રાપ્ત કરી રહયા છે તેમને હું મારી સમગ્ર ચેતનાથી અભિનંદન અને આશીર્વાદ આપું છું.

વિદ્યાર્થી દોસ્તો, આ વિદ્યાપીઠમાંથી વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરીને તમે જીવનને જોવા-જાણવા-માણવાની જુદી જ દ્રષ્ટિ પ્રાપ્ત કરી હશે એમ હું માનું છું. હવે પછી તમે પ્રાપ્ત કરેલા જ્ઞાનનો તમે તમારા માટે, સમાજ માટે સમગ્ર માનવજાતના કલ્યાણ અને ઉત્કર્ષ માટે ઉપયોગ કરી નૂતન સમાજનું નિર્માણ કરવાનું ઉત્તરદાયિત્વ આજથી આ વિદ્યાપીઠ તમારા હાથમાં સોંપી રહી છે. એવા અટલ વિશ્વાસ સાથે કે તમારા હાથમાં સોંપાયેલું એ ઉત્તરદાયિત્વ તમે બખૂબી નિભાવશો.

દોસ્તો, તમે મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કેવળ તમારા કે તમારા પરિવારના ભલા માટે જ કરવાનો સંકુચિત અને સ્વાર્થી ખ્યાલ તમે તમારા મનમાં લેશમાત્ર પણ પ્રવેશવા દેતા નહીં. આ વિદ્યાપીઠના તમામ શિક્ષકોની તમારી પાસેથી આ અપેક્ષા છે. આ અપેક્ષા અનુચિત નથી કેમ કે, વૃક્ષ એના ફળથી ઓળખાય છે, છોડ એના પર લાગતા ફૂલથી ઓળખાય છે. તમારી મીઠાશ અને તમારી સુગંધ જ અમને-આ વિદ્યાપીઠની સાચી ઓળખ દેશવિદેશમાં કરાવશે એ ન ભૂલતા.

આ વિદ્યાપીઠે તમને જ્ઞાનવાન બનાવ્યા છે. એ જ્ઞાનથી તમારી સમજ વધારે ચોખ્ખી થઈ હશે. ચોખ્ખી થયેલી એ સમજના પ્રકાશમાં તમે સત્ય, પ્રેમ, અહિંસા, કરૂણા, નીતિ, શિવ, સુંદર વગેરેને ફરીફરીને જોતા રહેજો. એ જોતાં જોતાં આત્માના ઊંડાણમાંથી જે અવાજ ઊઠે તેને અનુસરજો.

માણસ માત્રમાં મર્યાદાઓ, ખામીઓ રહેવાની પણ તમે તમારી મર્યાદાઓને, ખામીઓને ઓળખી હવે પછી જે કંઈ પણ કામ હાથમાં લો તેમાં તમારા પ્રાણ પૂરજો. તમને કુદરત તરફથી વરદાનમાં મળેલી દિવ્ય શકિતને નજીકથી ઓળખજો અને એને કાર્યાન્વીત કરી જીવનને સાર્થક બનાવજો. કેવળ કરવા ખાતર કશું ન કરતા.

શિક્ષણસેવાના મારા દીર્ઘ અનુભવ પરથી મને એટલું સમજાયું છે કે, શિક્ષણનું શિખર ચારિત્ર્ય છે. મારે મન 'ચારિત્ર્ય' શબ્દનો અર્થ સિમિત નથી પણ વિશાળ છે. આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ જે સાત સામાજિક પાપ ગણાવ્યા હતા :

મહેનત વગરનું ધન
વિવેક વગરનું સુખ
ચારિત્ર્ય વગરનું શિક્ષણ
નીતિ વગરનો વેપાર
સંવેદના વગરનું વિજ્ઞાન
વૈરાગ્ય વગરની ઉપાસના
સિધ્ધાંત વગરનું રાજકારણ

તે સાતે ય પાપમાંથી એકાદ પણ આપણાં જીવનમાં પ્રવેશે તો ય ચારિત્ર્ય ખંડિત થયેલું ગણાય.

તમે 'ચારિત્ર્ય' ના શિખર ઉપર સ્હેજે ય ડગ્યા વગર સ્થાપિત થઈ અને માનવજીવનના સનાતન મૂલ્યોને સાચવી આ વિશ્વવિદ્યાલયને ગૌરવ અપાવજો.

વિદ્યાર્થી દોસ્તો, તમારું જીવન તમારા એકલાનું જ છે તેવું તમે ન માનશો. તમારા સમાજને, તમારા રાષ્ટ્રને, અને સમગ્ર માનવજાતને તમારી પાસેથી બહુ મોટી આશાઅપેક્ષાઓ છે. આ આશા-અપેક્ષાઓને પરિપૂર્ણ કરવામાં તમે ઊણા ન ઊતરતા.

વિશ્વવિદ્યાલય માનો ખોળો છે. તમે ભવિષ્યમાં ગમે તેટલી ગતિ-પ્રગતિ કરો તો પણ આ માના ખોળામાં તમે ઉછર્યા છો તે કયારેય ન ભૂલો તેવી મારી તમારી પાસે અપેક્ષા છે ને અપેક્ષા મારા મતે બહુ મોટી અપેક્ષા નથી એમ હું માનું છું.

પુનઃ તમને ભાવપૂર્ણ શુભકામનાઓ.

તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૫

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## નાટયપર્વ




















રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગાંધીનગર તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ઉપક્રમે તા. ૮/૨/૧૫ થી ૧૭/૨/૧૫ દરમ્યાન 'નાટયપર્વ' યુનિવર્સિટીના કન્વેશન હોલ ખાતે યોજાઈ ગયું. તા. ૮/૨/૧૫ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર અને ભાગ્યેશ જહા (સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર)ની વિશેષ ઉપસ્થિતિમાં શ્રી નાનુભાઈ વાનાણી (રાજયકક્ષાના મંત્રીશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ)એ ઉદઘાટન કર્યુ હતું. આ પ્રસંગે સુરતનાં કવયિત્રી એષા દાદાવાલાને "યુવા સાહિત્યકાર ગૌરવ પરસ્કાર-૨૦૧૩" એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ.દક્ષેશ ઠાકર, શ્રી નાનુભાઈ વાનાણી, શ્રી ભાગ્યેશ જહા, કવયિત્રી એષા દાદાવાલાએ પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતું.

આ નાટ્યપર્વમાં તા. ૮/૨/૧૫ના રોજ એચ.કે.આર્ટસનું "આખરની આત્માકથા" (નિર્દેશકઃ કપિલદેવ શુકલ,) તા. ૯/૨/૧૫ના રોજ સંભવ ગૃપનું "જા થાય તે કરી લે" (નિર્દેશકઃ વિશાલ જરીવાલા), તા. ૧૦/૨/૧૫ના રોજ મલ્હારનું "જુલિયસ સીઝર" (નિર્દેશક : સોનલ વૈદ્ય-કુલકર્ણી/ડૉ. પદમેશ પંડિત), તા. ૧૧/૨/૧૫ના રોજ દીપ આર્ટસનું "ચાલો ઘર ઘર રમીએ" (નિર્દેશક : ગીત દીક્ષિત), તા. ૧૨/૨/૧૫ના રોજ મંથન થિયેટર્સનું "ચાલ લગાવ શરત" (નિર્દેશક : પંકજ પાઠકજી), તા. ૧૩/૨/૧૫ના રોજ રાષ્ટ્રીય કળા કેન્દ્રનું "વ્હાલના વારસદાર" (નિર્દેશકઃ મેહુલ શર્મા), તા. ૧૪/૨/૧૫ના રોજ ફન અનલિમિટેડનું "સાવ અમારી જાત અલગ છે" (નિર્દેશક : ગિરીશ સોલંકી), તા. ૧૫/૨/૧૫ના રોજ સીલ્યુએટ થિયેટરનું "તોખાર" (નિર્દેશકઃ દેવાંગ જાગીરદાર), તા. ૧૬/૨/૧૫ના રોજ ડિમોન સ્ટુડિયોનું" બદમાશ કં.પ્રા.લિ. (નિર્દેશક : જીતેન્દ્ર સુમરા) અને તા. ૧૭/૨/૧૫ના રોજ યઝદી કરંજીયા ગૃપનું "બહેરમની સાસુની સવારી મુંબઈમાં" (નિર્દેશક : યઝદી કરંજીયા)નાં નિદર્શન કરવામાં આવ્યા હતાં. જેનો સુરતની નાટયપ્રેમી પ્રજાએ ભરપૂર આનંદ મેળવ્યો હતો.






















## સન્માન સમારોહ




યુનિવર્સિટીના કાનૂન વિભાગ હેઠળ કાર્યરત બી.કોમ.એલ.એલ.બી. (ઓનર્સ) પાંચ વર્ષીય ઈન્ટેગ્રેટેડ પ્રોગ્રામના આસિ. પ્રોફે. હિના એન. મકવાણા અને આસિ. પ્રોફે. ટ્વિંકલ એચ. દેસાઈએ કાયદા વિષયમાં ઓકટોબર-૨૦૧૪માં લેવાયેલ ગુજરાત સ્ટેટ એલીજીબિલીટી ટેસ્ટ ઉત્તિર્ણ કરેલ છે. તેમનાં સન્માન માટે એલ.એલ.એમ. (હ્યુમન રાઈટ્સ) પ્રોગ્રામનાં વિદ્યાર્થીઓ દ્વારા વિભાગનાં કો-ઓર્ડિનેટર ડૉ. જે. ટી. દેસાઈનાં અધ્યક્ષ સ્થાને તારીખ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૫નાં રોજ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે એડ્વોકેટ શ્રી હેમંત દેસાઈ તથા આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર ડૉ. પ્રકાશ બચારવાલા ઉપસ્થિત રહ્યા હતા.

## ગૌરવ



યુનિવર્સિટીનો ૪૨મો ખેલકૂદ રમતોત્સવ શ્રી જયેન્દ્રપુરી આર્ટસ-સાયન્સ કોલેજ, ભરૂચ મુકામે તા. ૧૪ થી ૧૬ જાન્યુઆરી ૨૦૧૫ દરમ્યાન યોજાઈ ગયો. ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સ (રેગ્યુલર)ના ૦૫ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં સૌપ્રથમ વખત ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓ પૈકી શ્રી ગૌરાંગ જે. મેહતાએ ૫૦ Mts.Run (Handicap Men) 0:7.32 Secondમાં પ્રથમ ક્રમ, Shot Put (Handicap Men) 9.39 Mtrs. માં પ્રથમ ક્રમ ,અને Broad Jump (Handicap Men) ૪.૩૫ Mtrs. માં દ્વિતીય ક્રમ મેળવ્યો છે. આ સ્પર્ધાઓમાં ભાગ લઈને શ્રી ગૌરાંગ મહેતાએ કુલ ૦૩ મેડલ તથા ૩ પ્રમાણપત્રો પ્રાપ્ત કરીને ૪૨મા ખેલકૂદ રમતોત્સવમાં યુનિવર્સિટી અને વિભાગનું નામ રોશન કરેલ છે. હાર્દિક અભિનંદન.

અત્રે ઉલ્લેખનીય છે કે વિભાગના વિદ્યાર્થીઓએ સૌપ્રથમ વખત રમતોત્સવમાં ભાગ લીધો હતો. વિભાગના વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે કો-ઓર્ડિનેટર ડો.બી.જે. અંકુયાના માર્ગદર્શન તળે પ્રા.સોનલ દેસાઈ અને પ્રા. જે. એમ. અગ્રવાલે તૈયારી કરાવી હતી.

## પારિતોષિક




વર્ષ ૨૦૧૪-૧૫માં સુરત મહાનગરપાલિકા આયોજિત ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા અને ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી, આયોજિત 'ચિત્રલેખા' નાટ્ય સ્પર્ધામાં યુનિવર્સિટીના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના શ્રી વૈભવ દેસાઈનું નાટક "રાફડા" પ્રથમ ક્રમે વિજેતા થયું હતું. તદ્‌પરાંત શ્રેષ્ઠ દિગ્દર્શન, સંગીત, પ્રકાશ, દ્રશ્ય પરિકલ્પના તથા અભિનયનાં તમામ પ્રથમ પારિતોષિકો "રાફડા"ને મળેલ છે. શ્રી વૈભવ દેસાઈને મુંબઈ ખાતે જાણીતા ફિલ્મ લેખક, દિગ્દર્શક, કવિ, સર્જક શ્રી સંજય છેલના વરદ્ હસ્તે ઉપરોક્ત પારિતોષિકો એનાયત કરવામાં આવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી વૈભવ દેસાઈ છેલ્લાં અઢાર વર્ષથી નાટ્ય ક્ષેત્રે ઉમદા કાર્ય કરી રહયા છે. તેમજ શ્રેષ્ઠ નાટક, દિગ્દર્શન, સંગીત, પ્રકાશ, દ્રશ્ય પરિકલ્પના તથા અભિનયનાં અનેક પારિતોષિકો મેળવી ચૂકયા છે. તેમણે 'ઈ-ટીવી' ગુજરાતીની 'રિત-રિવાજ' સિરિયલમાં પણ અભિનય કરેલ છે. અભિનંદન.

## પરિસંવાદ



તા. ૧ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગ તથા ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજના સંયુકત ઉપક્રમે "રીસન્ટ સ્ટેટીસટીકલ ટ્રેન્ડસ ઈન બિઝનેસ એન્ડ મેનેજમન્ટ" વિષય પર રાજય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ ઉધના કોલેજમાં યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદના ઉદ્‌ઘાટન સંભારભમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ આર. ઠાકરે અધ્યક્ષસ્થાનેથી પ્રોત્સાહક પ્રવચન આપ્યું હતું. કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતાએ આ પ્રસંગે આર્શીવચન આપ્યા હતા. ઉધના એકેદમી એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખશ્રી આર. જી. દેસાઈએ સૌને આવકાર આપ્યો હતો. ઈન્ચાર્જ આચાર્ય ડૉ. મેહુલ પટેલ પી. દેસાઈએ આ પરિસંવાદના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરીની સફળ ભૂમિકા ભજવી હતી. યુનિવસિર્ટીના આંકડાશાસ્ત્ર વિભાગના વડા તથા પરિસંવાદના કન્વીનર ડૉ. આર. ડી. પટેલે પરિચય આપ્યો હતો. પરિસંવાદના ઉદ્‌ઘાટન સંમારભમાં ઉધના કોલેજના પ્રા. સંજયભાઈ પટેલે આભારવિધિ રજૂ કરી હતી. પરિસંવાદમાં નિષ્ણાંત તરીકે વલ્લભ વિદ્યાનગરની એસ.પી. યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ.પી.એ. પટેલ, વી.ન.દ.ગ.યુનિ. ના ડૉ. પ્રોફે. આર. ડી. પટેલ તથા પ્રા. મોનિકાબેન શાહે માર્ગદર્શન પૂરું પાડયું હતૂં. ડૉ. આરતીબેન રાજયગુરુએ ચેર પરસન તરીકે સેવા આપી હતી. આ પરિસંવાદમાં ગુજરાતભરનાં કુલ ૨૭૦ જેટલા અધ્યાપક, વિદ્યાર્થીમિત્રો તેમજ સંશોધનકર્તાઓએ ભાગ લીધો હતો તથા રસપ્રદ સંશોધનપત્રો પણ રજુ થયા હતા.

# કોલેજ ન્યૂઝ

## આરોગ્ય

બી. જે. પટેલ બી. એડ્. અને એમ. એડ્. કોલેજ, બારડોલીમાં સમુદાય સેવા ધારા અંતર્ગત સરદાર સ્મારક હોસ્પિટલના સહયોગથી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે રકતદાન શિબિરનું આયોજન કર્યું. આ પ્રસંગે ભારત એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ પટેલ અને ઉપપ્રમુખ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા. તાલીમાર્થીઓ તથા અધ્યાપકોએ પણ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું.

## વ્યાખ્યાન

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં 'મિડિયાની બાળકો પર થતી અસર અને તેના ઉપયોગ' વિષયક પ્રેરક વકતવ્ય ડૉ. કૃણાલ પંચાલ દ્વારા આપવામાં આવ્યું હતું. આ સંદર્ભે મેનેજીંગ ટ્રસ્ટી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ બાળ ઉછેરમાં સંસ્કાર સિંચન અને શિસ્તનું મૂલ્ય સમજાવ્યું હતું. ભાવિ શિક્ષકો સાથે બાળ ઉછેરથી વિશ્વશાંતિ તરફ વિષયક વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. પેરેન્ટીંગ ફોર પીસ મિશનના પ્રણેતા શ્રી હસમુખભાઈ પટેલ દ્વારા આખી તૈયાર કરાવેલ વિવિધ પ્રેઝેન્ટેશન દ્વારા મીડિયાની બાળકો પર થતી વિઘાતક અસરો અને તેના શૈક્ષણિક ઉપયોગો વિષયક રજૂઆત અને ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તાલીમાર્થીઓએ બાળકોના ઘડતરમાં પડતી મુશ્કેલીઓએ અને શિક્ષણ સામેના પડકારો વિષયક પ્રશ્નોત્તરી કરી હતી. હિંસામુકત સમાજની નવરચના માટે જરૂરી બાળ ઉછેરની દિશામાં સામુહિક સંકલ્પ કરી સૌ છૂટા પડયા હતા. કાર્યક્રમની રૂપરેખા આચાર્ય શ્રી ડૉ. કૌશલ પારેખે આપી હતી. સંચાલન પ્રા. ગણેશભાઈ પટેલે કર્યુ હતું.


શ્રીરંગ શિક્ષણ મહવિદ્યાલય, બીલીમોરામાં તા. ૨૯/૧૨/૧૪ થી તા. ૨/૧/૧૫ સુધી તમામ બહેનોને બીલીમોરા પોલીસ સ્ટેશનના વિશેષ પ્રોજેકટ અંતર્ગત સ્વસુરક્ષા તાલીમ આપવામાં આવી હતી. બીલીમોરા શહેરના PSI શ્રી ગઢવીના અધ્યક્ષપણા હેઠળ તા.૨/૧/૧૫ના રોજ તાલીમ પ્રોજકટ કાર્યક્રમનો સમાપન સમારંભ યોજાયો હતો. ડૉ. કિશોર નાયકે મંચસ્થ મહાનુભાવોને આવકારી બહેનોની સ્વસુરક્ષાની અનિવાર્યતા અને એ માટેના સરકારશ્રીના સભાન પ્રયત્ન અંગે ઉચિત પૂર્વભૂમિકા બાંધી હતી. શ્રી ગઢવીએ સાચા અર્થમાં મહિલા સ્વસુરક્ષાની સંકલ્પના સંક્ષિપ્તમાં સ્પષ્ટ કરી હતી. તાલીમ આપનાર શ્રી પરેશભાઈ અને એમના સાથીઓએ બહેનોને તાલીમ આપી હતી. આ કાર્યક્રમમાં કોલેજ દ્વારા તૈયાર કરાયેલ હસ્તલેખિત અંક-"શિક્ષણ અને સમાજ" નું વિમોચન શ્રી ગઢવીના હાથે થયું હતું. સંપાદકીય ઉદબોધન પ્રા. ડૉ. વિનયભાઈ પટેલે રજૂ કર્યું હતું. સ્ત્રી સશકિતકરણ-મહિલા સ્વસુરક્ષા તાલીમ પ્રોજેકટના અનુભવો શ્રી પરેશભાઈએ રજૂ કર્યા હતા. તાલીમાર્થી પટેલ ખુશબુએ પ્રતિભાવો આપ્યા હતા. સમારંભમાં પોલીસ સ્ટાફમાંથી શ્રી ગમનભાઈ તથા શ્રી વિજયભાઈ તેમજ તાલીમ પ્રોજેકટના સ્ટાફમાંથી શ્રી રાજભાઈ, સંધ્યાબેન તથા વી.એસ.પટેલ કોલેજના શ્રી દેવતા ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. રોશનીબેન પટેલે કર્યું હતું. આભારવિધિ પ્રા. ડૉ. વિનયભાઈ પટેલે કરી હતી.

એ.વી.પટેલ કોમર્સ, બીલીમોરા ખાતે સુરતના નેશનલગૃપ અને એન્ટી કરપ્શન બ્યૂરોના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સાવધાન કરતું વ્યાખ્યાન યોજાયું હતું. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને આવકાર આપ્યો હતો. જી.એસ.મેહુલ સોલંકીએ મહેમાનોનું પુષ્પ-ગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ નેશનલ ગૃપ સુરતના શ્રી શીરીષભાઈ પારેખનું પ્રવચન વિદ્યાર્થીઓએ માણ્યું હતું. વિદ્યાર્થીઓએ ફીડબેક ફોર્મ ભરીને સહકાર આપ્યો હતો. અંતે પ્રા. વર્ષાબેન રાણાએ આભારવિધિ આટોપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. એન.બી. સોલંકીએ કર્યુ હતું. તદપરાંત ગુજરાત સરકાર કે.સી.જી. પ્રેરિત ઉદ્દિશા કલબના ઉપક્રમે કેરિયર ગાઈન્ડસ અને કોમ્પીટીટીવ એકઝામ્સ અંગે વલસાડ કેરિયર મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટના મુખ્ય સંચાલક શ્રી દિપેશભાઈ શાહનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. શ્રીમતી ભારતીબેન પંચોલીએ મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી પરિચય આપ્યો હતો. શ્રી દિપેશભાઈ શાહે પોતાના વકતવ્યમાં ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓને તેજસ્વી કારકિર્દી ઘડવા માટે ઉત્તમ માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત બેંક, વીમાકંપની, નાણાકીય સંસ્થાએ તેમજ અન્ય સંસ્થાઓમાં રોજગારી માટે લેખિત કોમ્પીટીટીવ એકઝામ્સ અંગે માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં આભારવિધિ પ્રા. એચ. ડી. સરૈયાએ કરી હતી.

સત્યમ્ કોલેજ ઓફ એજ્યુકેશન મહિલા બી.એડ્.કોલેજ, ભરૂચ દ્વારા "શતાંશસ્થ અને પ્રતિશત ક્રમાંક" વિષય પરની વ્યાખ્યાનમાળામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના

શિક્ષણ વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. આર.બી પટેલે શતાંશસ્થનો અર્થ અને સંકલ્પનાની વિસ્તૃત અને વ્યવહારુ સમજ આપી બંને વચ્ચેના ભેદ સમજાવી. શાબ્દિક સ્વાગત તથા પરિચય બી.એડ્. વિભાગના પ્રા. એન.ડી. ઉપાધ્યાય દ્વારા તથા પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત તાલીમાર્થી મહેતા નયનાબેન દ્વારા કરવામાં આવ્યું. તાલીમાર્થી પટેલ રીમ્પલબેને આભાર દર્શન કર્યું.

વ્યા શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, સુરતમાં તા. ૨૯/૧૨/૧૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ગુજરાતી વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. જશુભાઈ જી. પટેલે "નવલિકા સર્જન" વિષય પર વકતવ્ય રજૂ કર્યું હતું. આભારવિધિ ઈન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. કમલેશભાઈ ડામોરે કરી હતી.



વ્યા તા.૩/૧/૧૫નાં રોજ IIS, બેંગ્લોરનાં સીનીયર સાયન્ટીસ્ટ, ડૉ. અપૂર્વ પટેલનાં વ્યાખ્યાનનું આયોજન, નવયુગ સાયન્સ કોલેજ-સુરતમાં થયું. ડૉ. અપૂર્વભાઈએ કવાન્ટમ કોમ્પ્યુટરનું ભવિષ્ય અને તેના મૂળભૂત કાર્યસિધ્ધાંતને સરળ રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈએ આભારવિધિ કરી અને વિદ્યાર્થીઓને બોધપાઠ આપતા કહયું કે, સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી વ્યાખ્યાનમાં અપૂર્વભાઈનાં માતૃશ્રી દેશભકત ડૉ. કલાબેન પટેલની પણ ઉપસ્થિતિ પ્રેરણાદાયી રહી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. સંજય પંડયાએ કર્યું હતું.

વ્યા શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતમાં વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશનના ડૉ. એન. પી. ગોહિલનું 'વિવિધ ધર્મો અને માનવ ઉન્નતિમાં ફાળો' વિષય પર વકતવ્ય યોજાયું. વકતાશ્રીનો પરિચય તેમજ સ્વાગત આચાર્યશ્રી ડૉ. કે.વી. દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ આસી. પ્રોફે. ભાવિનાબેન દેસાઈએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન આ.પ્રો.કેતકીબેન પંડાયાએ કર્યું હતું.

## વાર્ષિકોત્સવ



વા નવયુગ સાયન્સ કોલેજ, સુરતનો વાર્ષિકોત્સવ અને સંગીત ઉષાનો કાર્યક્રમ તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ કોલેજ ગ્રાઉન્ડ પર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય અને મીમીક્રીના વિવિધતા સભર કાર્યક્રમ રજૂ કર્યા હતા. આ પ્રસંગે જી.એસ.પિયુષ હિરપરા અને સ્ટુડન્ટ કાઉન્સીલના સભ્યો દ્વારા આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, વિદ્યાર્થીમંડળના અધ્યક્ષ ડૉ. જે. જે. દેસાઈ તેમજ નવયુગ પરિવારના સભ્યો અને આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જી.એસ.તરફથી તમામ વિદ્યાર્થી માટે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. અશ્વિન પટેલે વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સાંસ્કૃતિ વારસો જાળવી રાખવા માટેનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમનું માર્ગદર્શન ડૉ. જે.પી.દવે અને ડૉ. કેતકી મિસ્ત્રીએ પૂરું પાડયું હતું.

## પુસ્તક

પુ અમેરીકન લેખક રોબર્ટ કાનિજેલના પુસ્તક Srinivas Ramanujan : The man who Knew Infinity નું ગુજરાતી ભાષાંતર ડૉ. અ.મ. વૈદ્ય અને ડૉ. નટવર ન. રાદેલિયાએ "અનંતનો અઠંગ અભ્યાસી : શ્રીનિવાસ રામાનુજન" કરવામાં આવ્યું છે. આ પુસ્તકનું વિમોચન એમિટી બી. એડ્. કોલેજ, ભરૂચમાં ભરૂચના જીલ્લા શિક્ષણાધિકારીશ્રી આર. જે. માછીના હસ્તે કરવામાં આવ્યું. જેમાં ગુજરાતી અનુવાદકોએ પુસ્તકનો પરિચય અને રામાનુજનનું જીવન-ચારિત્ર પ્રક્ષિણાર્થીઓ તથા ભરૂચ જીલ્લાના ગણિત શિક્ષકો સમક્ષ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. પારૂલ પટેલે કર્યું હતું. મહેમાનોનું પુસ્તકથી સ્વાગત મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રણછોડ શાહ અને નિયામકશ્રી પ્રકાશ મહેતાએ કર્યું તથા સ્વાગત પ્રવચન ઈ.આચાર્ય શ્રી કલ્પેશ અને આભારવિધિ સામાન્ય મંત્રી તુષારે કરી.

પુ સ્વામી નારાયણ બી.એડ્.કોલેજ, અંકલેશ્વરમાં અભ્યાસક્રમના ભાગરૂપે પુસ્તક સમીક્ષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૯૮ તાલીમાર્થીઓને જુદા-જુદા પુસ્તકો સમીક્ષા માટે આપવામાં આવ્યા હતા. સ્પર્ધાત્મક તબકકે તાલીમાર્થીઓને વિવિધ સાત ગ્રુપમાં વિભાજીત કરાયા હતા. આ સાત ગ્રુપમાંથી પ્રથમ આવેલા સ્પર્ધકોએ પોતાના પુસ્તકની સમીક્ષા કરી હતી. જેમાં પ્રથમ વાઘેલા જીતેન્દ્રભાઈ, દ્વિતીય ક્રમે મકવાણા નિલેશભાઈ, તેમજ તૃતીય ક્રમે ઉમટીયા આલીયાબેન રહયા હતા.પસંદગી પામેલા સ્પર્ધકોએ 'સંપૂર્ણ લક્ષ્ય', 'પ્રેરણાપુંજ', "How to win any Argument" જેવા પુસ્તકની વિવિધ પ્રેરણાત્મક બાબતોની રજૂઆત કરી હતી. આ પ્રસંગે ગુરૂકુલ સ્કુલના ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગના શિક્ષિકા પ્રજાપતિ હંસાબેન અને આચાર્યશ્રી ડૉ. કૌશલભાઈ પારેખે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.

પુ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા 'પુસ્તક પરબ' હોય તેવા અભિનવ ખ્યાલ સાથે પ્રિ.ડૉ.જે.એમ. નાયકના નેતૃત્વમાં રસપ્રદ પ્રકલ્પનો પ્રારંભ નૂતન કેળવણી મંડળના માનદ્ સહમંત્રીશ્રી જનકભાઈ દેસાઈની નિશ્રામાં કર્યા હતો. 'પુસ્તક પરબ' નો ખ્યાલ સમજાવતાં પ્રિ.ડૉ.જે.એમ.નાયકે જણાવ્યું હતું કે કેટલાયે એવા વાચકો છે જેમની પાસે એક વાર પુસ્તક વાંચી લીધા પછી તેની જરૂરિયાત ન રહેતાં તે વાંચ્યા વિનાનું પડયું રહે છે. જ્યારે કેટલાયે વાચકો સુધી સારા પુસ્તકો પહોંચતા નથી. દરમિયાન પુસ્તક પ્રેમીથી મહેશભાઈ ઝવેરી દ્વારા એકાવન પુસ્તકો, હેલીબેન તરફથી એકવીસ પુસ્તકો, વલસાડ આર્ટસ કોલેજના આચાર્યશ્રી બુટાણી તરફથી એકાવન પુસ્તકો તથા અનેક વિદ્યાર્થી વાચન પ્રેમીઓએ પરબ માટે પુસ્તકો ભેટ કર્યા હતા. ઉદ્દઘાટક શ્રી જનકભાઈ દેસાઈએ આ પ્રકલ્પ બદલ કોલેજને અભિનંદન આપી કોલેજ દ્વારા વાચન પ્રવૃતિ માટે કરાયેલા અનેક પ્રયત્નોને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓ, ઉપાચાર્યશ્રીઓ, નિવૃત અધ્યાપકો, સાહિત્ય પ્રેમીઓ, સ્ટાફ સભ્યો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આભારવિધિ ઉપાચાર્ય શ્રી ટી. જી. પટેલ દ્વારા કરવામાં આવી હતી તથા કાર્યક્રમનું સંચાલન પ્રા.કે.સી.પટેલે કર્યું

હતું. રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત લાયબ્રેરી સમિતિના ઉપક્રમે તા. ૨૦ મી નવેમ્બર, ૨૦૧૪ ના રોજ પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા. કે. આર. ભાવસારના માર્ગદર્શન હેઠળ ગ્રંથપાલશ્રી દેવાંગ પટેલ અને વહીવટી સ્ટાફના સભ્યોએ આ પ્રદર્શનને સફળ બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. લાયબ્રેરી સમિતિના નેજા હેઠળ તા. ૨૭/૧૨/૧૪ના રોજ યોજાયેલ પુસ્તક પરિચય કાર્યક્રમ હારમાળા અંતર્ગત એકત્રીસમા મણકાના પ્રસંગે બી.એડ.કોલેજ, ખરોડના આચાર્યશ્રી ડૉ. ઈન્તેખાબ અનસારીએ શિવખેરા લિખિત પુસ્તક "યુ કેન વીન" નો શ્રોતાઓને પરિચય કરાવ્યો હતો.

એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. જેમાં નાયકા જીજ્ઞેશે રાજુ અંધારિયાના "પોઝિટિવ એટિટ્યુટ કેવી રીતે ?", બેડખળે વિશાલે મૃગેશ વૈષ્ણવના "સમસ્યા સહુ કોઈની ડિપ્રેશન", ભંડારી આશિષ એસ.એ. હરીન્દ્ર દવેના "મા", બરોડિયા પ્રતિક યુ., એ સોનલ પરીખના "લાગણીઓનો સંવાદ", તથા શ્રી એન.બી.સોલંકીએ મહાશ્વેતા દેવીના "હજાર ચોર્યાસીની મા" પુસ્તક પર વિચારો રજૂ કર્યા હતા. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલી તથા અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનમાં અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન તથા આભારવિધિ ગ્રંથપાલ શ્રી આર. એમ. પટેલે કરી હતી. તદ્‌પરાંત ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે લાયબ્રેરીમાં પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં જનરલ નોલેજ, સાહિત્ય, ડિકશનરીઓ, કારકિર્દી માર્ગદર્શન, વ્યકિતત્વ વિકાસ, એકાઉન્ટન્સી મેનેજમેન્ટ, અર્થશાસ્ત્ર, સેક્રેટેરિયલ પ્રેકટિસ વગેરે વિવિધ વિષયોના જ્ઞાનના ખજાનારૂપ પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

## મુલાકાત

સત્યમ્ કોલેજ ઓફ એજ્યુકેશન, મહિલા બી.એડ્.કોલેજ, ભરૂચમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા પરમ પ્રમાણ દર્શનાલય, પારડી, નંદિગ્રામ, કિલાદ નેશનલ પાર્ક, વઘઈ કેમ્પસાઈટ મુલાકાતનું આયોજન થયું હતું. નંદીગ્રામ સંસ્થામાં લેખિકા કુન્દનિકા કાપડીયા સાથે શિક્ષક-જીવન પર વિચારોની આપ-લે કરી હતી. સમગ્ર શૈક્ષણિક મુલાકાતનો વિચાર સંસ્થાના જનરલ સેક્રેટરી શાસ્ત્રી શ્રુતિબેન તથા પ્રવાસ સમિતિનાં મંત્રી પટેલ મેહજબીનબેને આપ્યો હતો. આ શૈક્ષણિક મુલાકાતનું આયોજન સંસ્થાનાં નિયામકશ્રી જાગૃતિ પંડયા તથા આચાર્યશ્રી આશ્કાબેન શુકલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્પર્ધા

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર.પટેલ કોલેજ, સુરત તા. ૧૩/૧૨/૧૪ના રોજ યોજાયેલ ગીતગુંજન સ્પર્ધામાં ૨૫ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પટેલ ફાલ્ગુનીએ પ્રથમ ક્રમ, અને લાડ હિમાંશુએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધામાં વણકર પ્રા. વૈશ રેશમાએ અને સંચાલન કાદરી ઉમ્મેહાનીએ કર્યું હતું.

અંકલેશ્વર સ્થિત સ્વામી નારાયણ બી. એડ્. કોલેજમાં ગીત જ્યંતિ પર્વની ઉજવણી સંદર્ભ "ભાવગીત" અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું. આ પ્રસંગે ભાવિ શિક્ષકોએ ભાગવદ્‌ગીતા આધારિત વિવિધ ભાવગીતો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પટેલ સ્વાતિબેન તેમજ બીજા ક્રમે પટેલ હેમાક્ષીબેન, તૃતીય ક્રમે પટેલ ભૂમિકાબેન રહયા હતા. "જીવનમૂલ્યોનો આધાર ગીતા" વિષય ઉપર તાલીમાર્થીઓએ પોતાના વિચાર રજૂ કર્યા હતાં. જેમા પ્રથમ ક્રમે પટેલ યોગિનીબેન તેમજ બીજા ક્રમે રજવાડી અનિલકુમાર, તૃતીય ક્રમે ડાભી અ. રહયા હતા. આચાર્યશ્રી ડૉ. કૌશલભાઈ પારેખે પણ પોતાના વિચારો દ્વારા પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન વાઘેલા જીતેન્દ્રભાઈએ કર્યુ હતું. સૌ આધ્યાપકમિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંચાલિત અને અંબાબા કોમર્સ કોલેજ, સાબરગામ મુકામે આંતર કોલેજ ખો-ખો ભાઈઓની સ્પર્ધા તા.૨૯,૩૦/૧૨/૨૦૧૪ દરમ્યાન યોજાઈ હતી. જેમાં વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલજના ભાઈઓની ટીમ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ વખત સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. વિદ્યાર્થીઓને તાલીમ શારિરીક શિક્ષણના પ્રા.શ્રી મુકેશભાઈ પટેલે આપી હતી.

અંકલેશ્વર સ્થિત શ્રી સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્ કોલેજમાં સ્વામી વિવેકાનંદને યાદ કરી તેમના જીવનમાંથી પ્રેરણા લેવા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ પ્રરેક સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદ, જીવનકવન, જનરલ નોલેજ, પ્રવર્તમાન જગત, બંધારણ જગત ઈતિહાસ, મેગેઝીન ઓળખ, ઓડિયોની ઓળખ વગેરે વિષયો પર પ્રશ્નોત્તર થઈ હતી. કવીઝ કોમ્પીટીશનમાં ગ્રુપ ડી ના અશ્વિનભાઈ, મલ્લિકાબેન, યોગિનીબેન વિજેતા થયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ગણેશભાઈ પટેલે કર્યુ હતું.

સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૧૦/૧/૧૫ના રોજ ઈન્ટર કોલેજ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, ઈન્ચાર્જ આચાર્ય શ્રીમતી ડૉ.પી.પી. જરીવાલાએ સૌ મહેમાનો, નિર્ણાયકો અને સ્પર્ધકોને ભાવભીનો આવકાર આપ્યો હતો અને સૌને શુભકામના પાઠવી હતી. મુખ્ય મહેમાન આચાર્ય શ્રીમતી ડૉ. પી. પી. જરીવાલા, પ્રા. જૈનિશ ભગત અને શ્રીમતી યામિનીબેન વ્યાસના શુભ હસ્તે દીપપ્રાગટય કરી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. વિવિધ કોલેજના ૬૦ જેટલા ઉગતા કવિઓએ પોતાની કવિતા, ગુજરાતની, હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ અને અંગ્રેજી ભાષામાં રજૂ કરી હતી. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રીમતી યામિનીબેન વ્યાસ, પ્રા. જૈનિષભાઈ ભગતે સેવા આપી હતી. અંતે ઈનચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી. પી. જરીવાલા તથા મહેમાનોને શુભહસ્તે ટ્રોફી તેમજ દરેક સ્પર્ધકોને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. પરિણામો : પ્રથમ વિજેતા - શ્રી. શુભમ ઈટાલીયા (એસ.વી.પટેલ કોલેજ, સુરત), દ્વિતીય વિજેતા - શ્રી. સચીન જોષી (સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ (ઓનર્સ), સુરત) તૃતીય વિજેતા કુ. દિશા ત્રિવેદી - (એસ.વી.પટેલ કોલેજ, સુરત) આશ્વાસન ઈનામ કુ. દિવ્યા મહેતા - (એમ.એચ.આર.ડી. વીર નર્મદ દ.ગુ.યુનિ.સુરત) આશ્વાસન ઈનામ કુ. ચિંતન પટેલ - (એસ.આર.પટેલ કોલેજ, સુરત.)

## વિદ્યાર્થી પરિષદ ચૂંટણી

સત્યમ્ કોલેજ ઓફ એજ્યુકેશન, મહિલા બી.એડ્. કોલજ, ભરૂચમાં ઈ.આચાર્યા શ્રી આશ્કાબેન શુકલનાં અધ્યક્ષપણા હેઠળ ચૂંટણી કરવામાં આવી હતી. જનરલ સેક્રેટરી તરીકે શાસ્ત્રી શ્રુતિબેન બહુમતીથી ચૂંટાયા. બૌધ્ધિક સમિતિનાં મંત્રી તરીકે પટેલ શર્મિષ્ઠાબેન, રમત-ગમત સમિતિનાં મંત્રી પટેલ અશ્વિનીબેન, વિદ્યાર્થી કલ્યાણ સમિતિનાં મંત્રી તરીકે ચૌહાણ વૈશાલીબેન, સામાજીક સાંસ્કૃતિક સમિતિનાં મંત્રી તરીકે શાસ્ત્રી શ્રુતિબેન, પ્રકાશન સમિતિનાં મંત્રી તરીકે પટેલ ઉન્નતિબેન, પ્રવાસ સમિતિનાં મંત્રી તરીકે પટેલ મેહજબીનબેન તથા પ્લાનીંગ ફોરમ સમિતિનાં મંત્રી તરીકે બારપાંડે રોહિણીબેનની વરણી કરવામાં આવી. સમગ્ર વિદ્યાર્થી પરિષદે પોતાને મળેલ જવાબદારીને સફળતાપૂર્વક તથા પ્રમાણિકતાથી નિભાવવાના શપથ ગ્રહણ કર્યા.

## સ્વચ્છતા અભિયાન

તા. ૩/૧/૧૫ના રોજ ઉધના કોલેજ ખાતે વિદ્યાર્થીઓનું કેમ્પસ કલીનીંગ ડે અને ભારત સરકારના "સ્વચ્છતા અભિયાન" ને સાંકળી ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા તેમજ સ્વચ્છતા અંગે લોક જાગૃતિ કેળવવાની હાંકલ કરવા નવસારી મત વિસ્તારના સાંસદ શ્રી સી.આર.પાટીલ, ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટનાં ઉપપ્રમુખશ્રી કિરીટભાઈ ગાંધી, સેક્રેટરીશ્રી ભાણજીભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી નરેશભાઈ શાહ, સલાહકારશ્રી એ.જી.મહેતા, ઈ.આચાર્યશ્રી મેહુલભાઈ દેસાઈ, તથા અન્ય મહાનુભાવો હાજર રહયા. આ પ્રસંગે શ્રી કિરીટભાઈ ગાંધીએ કોલેજનો ચિતાર આપી સાંસદશ્રીને કોલેજની અનેકવિધ સમાજસેવાકીય પ્રવૃતિઓથી અવગત કર્યા હતા. જેની નોંધ લઈ કોલેજ પરિવારને શ્રી સી.આર.પાટીલે અભિનંદન પાઠવ્યા હતા. અને સકારાત્મક હેતુ સમૂહભાવનાથી કામ કરી હાંસલ કરવા સમજાવ્યું. સાંસદશ્રીના આ અભિગમને વિદ્યાર્થીઓ, તેમજ ટ્રસ્ટશ્રીએ ઉમળકાભેર વધાવ્યું.

## વાંચન વિશેષ

**ન્યાયની કેડીએ**

ન્યા.ચિન્મય જાની.

અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિચય, ૨૦૦૪. પૃ. ૧૬૮. રૂા. ૮૫

પ્રકરણ : ૧ માં લેખક કહે છે કે,

અડધી રાતલડીએ મને રે જગાડી -
છેડીને મનવીણાના તાર-આ તે કોણ છે ?

એક ગુજરાતી ચિત્રપટની નાયિકા ચિન્તના વલોવાટનો રમ્ય સ્વરમાં વહેતો મૂકે છે ત્યારે આપણા હૃદયને પણ જોડે ખેંચી જાય છે. ગુલાબી નવયૌવનકાળમાં અડધી રીતે મનવીણાનો તાર છેડનાર અચૂક કોઈ તરવરાટભરી યુવાન કાયાની સ્મૃતિ હાય છે, અને એ સ્મૃતિ ચિત્તને ભાવિનાં રંગીન સપનાંમાં ઝંબોળી દે છે. .. ઈશ્વરનો અનુભવ કરવા મારે કોઈ મંદિરમાં જવું નથી પડયું. જયારે જયારે શ્રેષ્ઠ સ્વર, શ્રેષ્ઠ શબ્દો, શ્રેષ્ઠ રૂપ, શ્રેષ્ઠ વિચાર, અનુભવવિશ્વમાંથી આવ્યાં ત્યારે ત્યારે ઈશ્વરનો અનુભવ થયો છે.

'સંભારણાં' માં લેખકશ્રી દર્શાવે છે કે, આશરે પચીસ વર્ષ પહેલાં કાંકરિયા પિકનિક હાઉસમાં શિયાળામાં સંધ્યાકાળે અમદાવાદની સિટી કોર્ટના ન્યાયાધીશો વચ્ચે બેસીને સ્વરકલાકાર જનાર્દન રાવળે ગયેલું ભજન તલ્લીન થઈને સાંભળ્યું અને એ હૈયામાં વજલેપ થઈ ગયું.

"તનમન જીવન સુલગ ઉઠે-કોઈ એસી આગ લગાયે.
એસી લૌ હરિ નામ કી લાગે, રહ ના જાયે મેરા નામ,
મન-બાની સે રામ પૂકારું, તન સે હો ભગવત્કામ;
હરિ કા હો સો રહ જાયે, ઔર મેરા સબ જલ જાયે રે' કોઈ...

લેખકે જીવનના સંધ્યાકાળે મિત્રોના આગ્રહથી સંસ્મરણો આ ગ્રંથમાં આલેખેલાં છે. લેખકનાં માતા પિતા સાક્ષર, શ્રીમંત કે અમલદારવર્ગનાં નહોતાં, કરકસરથી અને સ્વાવલંબનપૂર્વક જીવનયાત્રા પાર પાડવા મથતાં અલ્પશિક્ષિત સામાન્ય મહેનતકશ જીવ હતાં. દરેક માબાપની માફક પોતાના સંતાન માટે ઊંચી અવાસ્તવિક આકાંક્ષા ધરાવતાં હતાં. આ કૃતિનું પહેલું પ્રકરણ 'પરબ'ના ડિસેમ્બર ૨૦૦૦ના અંકમાં પ્રસિધ્ધ થયું. લેખક કહે છે કે, જીવનયાત્રામાં પગલે પગલે સંબંધો ઉદભવતા હોય છે. નાનાંમોટાં સહુ સ્વજનો, વકીલો, ન્યાયમૂર્તિઓ , આગેવાનો, નેતાઓ... દરેક સંબંધ સુખ કે દુ:ખનો જનક હોય છે, અને એ સંબંધી મારી પાસે અમુક અપેક્ષા પણ રાખે. સ્મરણયાત્રામાં મારી જાતને બને એટલી અલિપ્ત રાખવાનો પ્રયાસ કર્યો છે. આ આત્મકથા નથી. લેખકશ્રી ન્યાયાધીશ તરીકે નિવૃત્ત થયા પછી આ સ્મરણકથાને આલેખી છે... સમયના એક વિશાળ પટ પર મેં કાયદાનું ખેડાણ કરેલું અને ન્યાય વિતરણનું કાર્ય કરેલું, પણ જીવનની શરૂઆતથી જ જન્મેલા સાહિત્યરસના કારણે મેં એ કાર્યને આજીવિકાના એક સાધન તરીકે સ્વીકારેલું. માનવમાત્રમાં જન્મથી જ એક ન્યાયાધીશ છુપાયેલો છે. બે બાળકો વચ્ચેના ઝઘડામાં ન્યાય કરનાર ત્રીજું બાળક નિર્દોષ હોય છે. એ ન્યાયવૃત્તિને સચોટ બનાવવા માટે એને કાયદાના ઢાળમાં વહેડાવવા અને સંકુલ તકરારોનું ઝડપી નિરાકરણ કરવા ન્યાયની કરવા ન્યાયની અદાલતો અને કાયદોઓની જંજાળ ઊભી કરવામાં આવી છે, પણ સ્વાર્થી સત્તા ભૂખ્યા માનવીઓ એને પણ સત્તાનું કેન્દ્ર માને છે. તેથી ન્યાયાસન પરદુ:ખભંજન રાજા વિક્રમનું રહેવા પામ્યું નથી.

આ ગ્રંથમાં ૧) અડધી રાતલડીએ..., ૨) પુણ્યપતન, ૩) આંસુઃ વિયોગનાં, હરખનાં અને પસ્તાવાનાં, ૪) અલબેલી મુંબઈ નગરી, ૫) સોનચંપો, ૬) મહેસાણાઃ કાંટા અને ગુલાબ, ૭) અમદાવાદમાં, ૮) રકતપિપાસા, ૯) કેટલાક કેસો-પેલી પારથી આવતો ઝબકાર, ૧૦) સાહેબ, ૧૧) અન્ય અદાલતોમાં, ૧૨) ઈન્દ્રિયાતીત અનુભૂતિ અને વેદનાની પરંપરા, ૧૩) ન્યાય અન્યાયના પ્રવાહઃ અદાલતોમાં અને જીવનમાં, ૧૪) આંદોલનો, ૧૫) મંત્રણા કાયદાની, ૧૬) દુરિતનાં તિમિર, ૧૭) ત્રણ અભૂતપૂર્વ ઘટનાઓ, ૧૮) દેવાત્માની ગોદમાં, ૨૦) પરદેશમાં અને પરિશિષ્ટ જેવાં પ્રકરણો સમાવેશ પામે છે.

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે. કાયદાના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વહીવટકારોએ આ ગ્રંથનું વાચન કરવું રહયું.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com